# પ્રાંતિજ તાલુકા પંચાયતમાં કોંગ્રેસનો કબજો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પંજાએ પંજો માર્યો. કોંગ્રેસ ફરી તાલુકા પંચાયત ઉપર કબજો જમાવ્યો. ભાજપનો જાદુ વિસરાયો અને પાટીદાર આંદોલનનું ગ્રહણ ભાજપને નડ્યું.

પ્રાંતિજ ખાતે જિલ્લા પંચાયતની ચાર બેઠકો અને તાલુકા પંચાયતની વીસ બેઠકોમાંથી ઓગણીસ બેઠકો માટેનું મતદાન રવિવારના રોજ યોજાયું હતું. જેમાં તાલુકા પંચાયતની દલપુર બેઠક-૪ ઉપર પહેલેથી જ કોંગ્રેસના ડમી ઉમેદવારનો બિનહરીફ વિજય થયો હતો. જયારે તાલુકા પંચાયતની ૧૯ બેઠકો માટેનું પરિણામ બુધવારના રોજ જાહેર થતાં કોંગ્રેસનો ૧૨ બેઠકો ઉપર કબજો જમાવ્યો અને ભાજપના ફાળે ૭ બેઠક જ્યારે કોંગ્રેસ ફરી સત્તા જાળવી રાખી છે. અને વિધાનસભા, લોકસભા વખતનો ભાજપનો જાદુ વિસરાયો હોય તેવું જોવા મળ્યું હતું. જ્યારે પાટીદાર આંદોલનની પણ પ્રાંતિજ તાલુકામાં ઈફેક્ટ જોવા મળી

**ભાજપ માટે પાટીદારો ગ્રહણ બન્યા : પ્રાંતિજમાં ફઈબાનો જાદુ પાટીદારોમાં ના ચાલ્યો**

હતી. જ્યારે ભાજપના ઉમેદવાર અને પ્રાંતિજ માર્કેટ યાર્ડના ચેમરેનનો પણ કારમો પરાજય થયો હતો. જ્યારે સાબરડેરીના ડિરેક્ટર અને કોંગ્રેસના ઉમેદવાર મણીભાઈ ઈશ્વરભાઈ પટેલનો ભવ્ય વિજય થયો હતો. જ્યારે પ્રાંતિજ તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રામસિંહ ચૌહાણ અપક્ષ ઉમેદવારી કરી હતી. તેનો પણ પરાજય થયો છે. જ્યારે તાલુકા પંચાયતમાં ભાજપના વાઘપુરના ઉમેદવાર પ્રદિપસિંહ ધર્મેન્દ્રસિંહ રાઠોડનો ૩૦૪૨ મતોથી ભવ્ય વિજય થયો હતો. જ્યારે પરિણામ જાહેર થતા કોંગ્રેસના પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય સહિત કોંગ્રેસના રાજકિય આગેવાનો કોંગ્રેસ કાર્યકરો હર્ષમાં આવી ગયા હતા. જ્યારે પરિણામ બાદ સમર્થકોએ ગુલાબ તથા આતશબાજી દ્વારા જીતને વધાવી હતી અને વિજયયાત્રા કાઢવામાં આવી હતી. જ્યારે કેટલાય ધુરંધરો આ વખતે પાટીદાર ઈફેક્ટના લીધે હારવાનો વારો આવ્યો હતો.



## પ્રાંતિજના સીતવાડા ગામે કેનાલમાં ગાબડુ

પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામે આવેલ મીની કેનાલમાં રવિ પાક માટે પાણી છોડવામાં આવતા કેનાલમાં ગાબડા પડતાં પાણી ખેતરોમાં ફરી વળતા ખેડૂતોને તૈયાર થયેલ પાકને લઈ હાથ ધોવાનો વારો આવ્યો. પ્રાંતિજના સીતવાડા આંબલીયાળા વિસ્તારમાં રાત્રીના સમયે રવિપાક માટે તાજપુર કુઈ મેનકેનાલમાંથી પસાર થતી સીતવાડા મીની માઈનોરમાં ખેડૂતોને જાણ કર્યા વગર કેનાલની સફાઈ કર્યા વગર એકદમ રાત્રીના સમયે પાણી છોડવામાં કેનાલમાં ઝાળી ઝાંખરા ભરાઈ જતા આગળ પાણી જતું બ્લોક થઈ જતાં પાણી કેનાલ ઉપર થઈ ઉભરાઈને પાસે આવેલ ખેડૂતોના ખેતરમાં ફરી જતાં ખેડૂતોના ખેતરમાં તૈયાર થયેલ પાક ગવાર, મગ ટોઠા થઈ ગયા હતા અને મોટું નુકશાન થયું છે જયારે ખેડૂતોને મોંમાં આવેલ કોળીયો ઝુંટવાઈ ગયો છે અને હજારો લીટર કયુસેક પાણીનો બગાડ થવા પામ્યો છે ત્યારે તંત્રે ઉંઘમાંથી જાગી કેનાલમાં આવતું પાણી બંધ કર્યું હતું પણ ત્યાં સુધી ખેતરોમાં વગર વરસાદે પાણી ભરાઈ જતાં પાકને નુકશાન થવા પામ્યું છે. જયારે તંત્રની બેદરકારીથી ખેડૂતોના તૈયાર થયેલ પાક ઉપર પાણી ફરી વળ્યું છે.

## પ્રાંતિજના બોભામાં જુની અદાવત રાખી એક શખ્સ પર પાંચ વ્યક્તિઓએ જીવલેણ હૂમલો કરતા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ તાલુકાના બોભા ગામે ચાર માસ પહેલાં યુવતીને ભગાડી જવા મામલે અદાવત રાખી ફરીયાદીને માર મારી ફરીયાદીને ઘરે જઈ ગાળો બોલી સળગાવી દઈ મારી નાખવાની ધમકી આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પાંચ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ ફરીયાદી સુશીલાબેન જગદિશભાઈ પટેલ કે જેવો હાલ ખેતરમાં આવેલ બોર ઉપર રહે છે. અને તેવો બોભા ગામે આવેલ મકાનમાં મુકેલ ઘરનો સામાન લેવા પોતાના ભાગીયા રસીકભાઈ, ભુડાભાઈ તથા મિતેષભાઈ સાથે ઘરે જઈ રહ્યા હતા તે સમયે આ કામના આરોપીઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી સુશીલાબેનને આરોપી નંબર એકએ ફરીયાદી સુશીલાબેનને લાકડીનો ધોકો મારી અને આરોપી નંબર-૨ અને આરોપી નંબર-૫નાએ ગાળો બોલી અને આરોપી નંબર એક ફરીયાદીને ઘરમાં અંદર હતા તે વખતે ઘરનો દરવાજો બંધ કરી બહારથી તાળુ મારી દઈ બારીના કાચ તોડી નુકશાન કરી ફટાકડા સળગાવી બારીમાંથી અંદર નાંખી ફરીયાદીને ઘર સળગાવી મારી નાખવાની ધમકીઓ આપી. મે.જી.સાના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યો હતો.

જયારે પ્રાંતિજ પોલીસો પરાગભાઈ મહેશભાઈ પટેલ, નટુભાઈ રણછોડભાઈ પટેલ, અરવિંદભાઈ રણછોડભાઈ પટેલ, મહેશભાઈ કેશાભાઈ પટેલ, અંજનાબેન મહેશભાઈ પટેલ તમામ રહે. બોભા સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઠંડુ શહેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેચેની અનુભવતા હતા. શિયાળાની ઋતુના આગમન બાદ છેલ્લા ઘણાં સમયથી ઠંડીની મૌસમ જામતી ન હોવાથી નગરજનો મૌસમના વિચિત્ર મિજાજનો અનુભવ કરી રહયા છે. પરતુ છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીની ઋતુ નિખરતા લઘુત્તમ તાપમાનનો પારો ગગડી રહયો છે. આજે પણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન દોઢ ડીગ્રી ગગડીને ૧૦ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જેના પરિણામે શહેરમાં ઠંડીનુ મોજુ ફરિ વળ્યુ હતુ. સાંજ ઢળતા જ શહેરમાં ઠંડીનો ચમકારો અનુભવાતા રાત્રિના સમયે સન્નાટો છવાયેલો જોવા મળે છે. શહેરીજનો પણ ઠંડીની અસરથી બચવા ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જયારે શ્રમજીવીઓની હાલત પણ ઠંડીનુ પ્રમાણ વધતા કફોડી બની છે. જયારે ઠંડીના ચમકારા વચ્ચે નગરજનોમાં તેમજ ખાસ કરીને શરદી અને ખાંસીની તકલીફોનુ પ્રમાણ વધી ગયુ છે. ઠંડીનો પારો ધીમે ધીમે દોટ લગાવતા શહેરનુ જનજીવન પણ મૌસમના મિજાજથી પ્રભાવિત જોવા મળી રહયુ છે.

### રામભરોસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે બીજીતરફ ઈન્કવાયરી કચેરીને આઉટ સોર્સિંગથી કાર્યરત કરવાનો નિર્ણય લેવાતા પ્રાયોગિક ધોરણે સે-૨ ઉની ઈન્કવાયરી કચેરીને કોન્ટ્રાકટના ધોરણે સોંપવામાં આવી હતી. ત્યારબાદ સે-૧૭ની ઈન્કવાયરી કચેરીને પણ આઉટ સોર્સિંગથી સોંપી દેવામાં આવી હતી. જેના અંતે આ સેકટરોમાં વસાહતીઓની નાની મોટી ફરિયાદોનુ નિરાકરણ આવતુ હોવાનો સંતોષ પણ પ્રવર્તયો હતો. પરંતુ નિયત સમય માટે આઉટ સોર્સિંગના ધોરણે કાર્યરત ઈન્કવાયરી કચેરીનો કોન્ટ્રાકટ પુરો થઈ ગયા બાદ રીટેન્ડરીંગની પ્રક્રીયા હાથ ન ધરાતા હાલ આ ઈન્કવાયરી કચેરીઓ રામભરોસે હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. આ સેકટરોમાં વસાહતીઓની આવાસ સંબંધિત ફરિયાદો પણ કોઈ સાંભળનાર નથી. જેના પરણામે રહીશોએ પણ પારાવાર હાલાકી ભોગવવી પડે છે.સરકારી આવાસોમાં રહેતા નાગરિકોએ બારી બારણા તેમજ પ્લમ્બીંગ સંબંધિત ફરિયાદો માટે ખાનગી માણસો બોલાવીને પૈસા ખર્ચી કામ કરાવુ પડે તેવી સ્થિતિ છે. તંત્ર દ્વારા આ સ્થિતિને ધ્યાને લઈ અગાઉથી જ આ વ્યવસ્થા જળવાઈ રહે તેવુ આયોજન કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે નવી વ્યવસ્થા ન ગોઠવાય ત્યાં સુધી આ સેકટરોમાં વસાહતીઓની ફરિયાદોના નિરાકરણ માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### અદબ પલાઠી... (૪ પાનાનું ચાલુ...)

લાગણી અને બુદ્ધિનો સમન્વય સમજાવતાં હોય છે. તેમ છતાં અતિશય લાગણીશીલોની સંખ્યા ઓછી નથી . તેમના માટે અને સમગ્ર માનવ સમાજ માટે આ એક મોટો પ્રશ્ન બની ગયો છે. આ લાગણીઓને કંઈ રીતે સાચવવી? આ લાગણીઓ સાચવવાનું કોઈ અભયારણ્ય ખરું? અભયારણ્યમાં પ્રાણીઓ જે રીતે મુક્ત બનીને હરી ફરી શકે છે,એ રીતે લાગણી દુભાયા વગરની રહી શકે?

એક એવો વિસ્તાર કે જ્યાં લાગણીને ઠેસ ન પહોંચે.? એક એવી જગ્યા જ્યાં લાગણી ઘવાવાના કોઈ ચાંસીસ જ ન હોય!! આવા લાગણીઓના અભયારણ્યની કલ્પના થઈ શકે?

*(શીર્ષકપંક્તિ: કવિ મિત્રશ્રી પ્રકાશ પરમાર)*

**મિસરી :**

**માનવી પરથી ઉઠ્યો વિશ્વાસ ને -**
**થઇ શરુઆતો પછી સોગંદની !!!!**

*- કવિશ્રી મનહર જમીલ*

## સિસરાણામાં ભારત સરકારના પ્રચાર અને પ્રસારણ વિભાગ દ્વારા શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૪

વડગામ તાલુકાના સિસરાણા ખાતે ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રિય પ્રચાર કાર્યાલય પાલનપુર દ્વારા વિશેષ જન સંપર્ક કાર્યક્રમ તેમજ સરકારની વિવિધ યોજનાની સમજ આપવા માટેની એક શિબિર યોજાઈ હતી.

જેમાં જનસંપર્ક રેલીથી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ભારત સરકારની વિવિધ લોકકલ્યાણ કારી યોજનાઓનો લાભ છેવાડાના ગામડાના તમામ નાગરીકોને મળે તે અર્થે માહિતી તેમજ માર્ગદર્શન આપવા માટે ક્ષેત્રિય પ્રચાર નિર્દેશાલય-અમદાવાદથી નિર્દેશકશ્રી સંતોષકુમાર તેમજ વડગામ ટી.એચ.ઓ. ડૉ. વિક્રમદાન ગઢવી, આઈ.સી.ડી.એસ. વિભાગના સી.ડી.પી.ઓ. પી.એન. શાહેબને તેમજ તા.પં.ના વિસ્તરણ અધિકારી તેમજ કર્મચારીગણ સાથે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બ્રાન્ચ મેનેજર સંજય પટેલ સહીત શાળાના ટ્રસ્ટી તેમજ ગામના સરપંચ જયંતિભાઈ રાવળ તેમજ ગામના અગ્રણીગણ સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો ખાસ હાજર રહ્યા હતા. આ તમામ લોકોને ઉપસ્થિત અધિકારીઓ દ્વારા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિધિસર સમજ આપી લાભ લેવા જણાવાયું હતું. તેમજ બાદમાં પ્રશ્નોત્તરી સાથે સ્પર્ધાત્મક ઈનામનું આયોજન કરાયું હતું. જેમાં વિવિધ ક્ષેત્રે પ્રશ્નોત્તરી કર્યા બાદ જેને સાચા જવાબ આપેલ તેમને ઈનામ અપાયા હતા. કાર્યક્રમના સ્થળ પર વડગામ આરોગ્ય તંત્ર દ્વારા મેડીકલ કેમ્પ સાથે મા અમૃતમ યોજના તથા મા વાત્સલ્ય યોજના હેઠળમાં ગ્રામજનોના કાર્ડ માટેની વ્યવસ્થા પણ કરાઈ હતી અને ગરીબ લાભાર્થીઓને કાર્ડ અપાયા હતા.

## ડૉ. લાલ પેથલેબ્સ લિમિટેડ પબ્લિક ઓફર ૮ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ ખુલે છે

ડૉ. લાલ પેથલેમ્સ લિમિટેડે (“કંપની” અથવા “ઈશ્યૂઅર”) રોકડમાં શેરદીઠ રૂ. ૧૦ની મૂળ કિંમત અને ઈક્વિટી શેર દીઠ (“ઓફર”) રૂ. ૫૪૦થી રૂ. ૫૫૦ના પ્રાઈસ બેન્ડ ધરાવતા ૧૧,૬૦૦,૦૦૦ ઈક્વિટી શેર (“ઈક્વિટી શેર”)ના ઈનિશિયલ પબ્લિક ઈશ્યૂનો આઠમી ડિસેમ્બરે પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. આ ઈશ્યૂમાં (હોન.) બ્રિગેડિયર ડૉ. અરવિંદ લાલના ૧,૨૬૧,૯૯૬ ઈક્વિટી શેર, ડૉ. વંદના લાલના ૨,૦૫૬,૭૪૭ ઈક્વિટી શેર, એસકે હાઉસ (એચયુએફ)ના ૨૩૮,૨૨૬ સુધીના ઈક્વિટી શેર, શ્રી અંજનેય લાલ (સંયુક્તપણે “પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ”)ના ૫૫૦,૩૮૬ સુધીના ઈક્વિટી શેર, વેગનર લિમિટેડના ૫,૮૬૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર, વેસ્ટબ્રિજ ક્રોસઓવર ફંડ, એલએલસીના ૧,૪૭૧,૫૭૫ સુધીના ઈક્વિટી શેર, સંજીવની ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ્સ (સંયુક્તપણે “ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ” અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ સાથે “સેલિંગ શેરહોલ્ડર્સ”) (“ઓફર ફોર સેલ”)ના ૧૬૧,૦૭૦ સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. આ ઓફરમાં કંપનીની ઓફર પછીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીના ૧૪.૦૪ ટકા સુધીના હિસ્સાનુંપ્રતિનિધિત્વ કરશે. બૂક રનિંગ લીડ મેનેજર્સની સાથેના વિચારવિમર્શ દ્વારા કંપની અને વેચાણકર્તા શેરહોલ્ડરો રિટેલ ઈન્ડિવિડ્ઝુઅલ બિડર્સને ઓફર પ્રાઈસ પર રૂ. ૧૫ સુધીનું ડિસ્કાઉન્ટ આપી શકે છે. મિનિમ બિડ લોટ ૨૦ ઈક્વિટી શેરનો છે અને તેમાં ૨૦ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. કંપની અને તેના વેચાણકર્તા શેરધારકો બી આર એલ એમના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે એન્કર ઈન્વેસ્ટર બિડિંગ ડેટ-૭ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ બિડ કરી શકશે. આ બિડ/ઓફર ૧૦ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ બંધ થશે.

### તખલખી નિર્ણય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે. દિલ્હીમાં વધતા જતા પ્રદૂષણને લઈ હાઈકોર્ટની કડક ટકોર બાદ અરવિંદ કેજરીવાલના નેતૃત્વવાળી દિલ્હી સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. મુખ્યમંત્રી કેજરીવાલે આ સંદર્ભમાં વિચાર વિમર્શ કરવા માટે આજે એક ઈમરજન્સી બેઠક પણ બોલાવી હતી જેમાં પ્રદૂષણ ઘટાડવા અંગે વિવિધ નિર્ણયો લેવાયા હતા. ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટે પ્રદૂષણના મુદ્દા ઉપર ટકોર કરતાં દિલ્હીના પ્રદૂષણની સરખામણી ગેસ ચેમ્બરમાં રહેવા બદલ કરી હતી. ગઈકાલે કોર્ટે ખૂબ જ સપ્તાઈપૂર્વક કેજરીવાલ સરકારને પુછ્યું હતું કે, પ્રદૂષણની તપાસ માટે કોઈ પગલા ભર્યા છે કે નહીં. તેની સાથે જ કોર્ટે ૨૧ ડિસેમ્બર સુધી તબક્કાવાર એક્શન પ્લાન રજુ કરવાની તાકીદ કરી હતી. ન્યાયાધીશે એવી પણ ટકોર કરી હતી કે, પર્યાવરણ મંત્રાલય અને દિલ્હી સરકાર તરફથી રજુ થયેલી કાર્ય યોજના સંપૂર્ણ નથી. કેમ કે તેમાં જવાબદારી તથા ટાઈમ લાઈન અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ અગાઉ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે પણ દિલ્હીના ખતરનાક સ્થળે વધી ગયેલા પ્રદૂષણ અંગે દિલ્હી સરકાર ઉપર ગંભીરતાથી કાર્યવાહી નહીં કરવાનો આક્ષેપ કર્યો હતો અને ટ્રીબ્યુનલે બાળકો તથા વૃદ્ધોને પ્રદૂષણથી બચવા માટે ઘરમાં જ રહેવાની સલાહ આપી હતી.

### આકરી શરત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ યુવા વિચારોને આગળ વધારવાનું કામ કરશે. જ્યારે બીજીબાજુ અખિલેશ યાદવના આ અત્યંત ચોંકાવનારા નિવેદનની ઠેકડી ઉડાડતા ભારતીય જનતા પાર્ટીના નેતા અને કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નક્વીએ જણાવ્યું હતું કે, અત્યારે તો આગામી ૧૫-૨૦ વર્ષ સુધી વડાપ્રધાન પદ ખાલી થાય તેવી કોઈ શક્યતા નથી. એટલે અખિલેશ યાદવે ખૂબ લાંબી પ્રતિક્ષા કરવી પડશે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવની મહાગઠબંધનની યોજના તથા મુલાયમસિંહ યાદવને વડાપ્રધાન બનાવવાના જાહેર કરેલા એજન્ડા અંગે હજુ સુધી કોંગ્રેસે કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કરી નથી.

## ડભોડા હાઈસ્કૂલના ખેલાડીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા.૪

તાજેતરમાં રમાયેલ રાજયકક્ષાની રાજીવ ગાંધી ખેલ રમતોત્સવ અંતર્ગત શંખલપુર (બેચરાજી) મુકામે અંડર-૧૬ ભાઈઓ માટેની ખોખોની રમતમાં ગાંધીનગર જિલ્લાનું નેતૃત્વ કરતી એમ.એચ. વિદ્યામંદિર ડભોડાની ટીમ ફાઈનલ સુધી પહોંચી રનર્સઅપ વિજેતા બની હતી તેમજ શાળાના સુનિલ સોલંકી, પ્રકાશ ઠાકોર, જયદીપ દેસાઈ, અજય પરમારની રાષ્ટ્ર કક્ષાએ પસંદગી થવા પામી હતી.

આ ઉપરાંત એથ્લેટિક સ્પર્ધાઓ હિંમતનગર મુકામે યોજાઈ હત. જેમાં ઉંચી કૂદ સ્પર્ધામાં આરતી પરમાર પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી વિજેતા બની હતી તથા ૮૦૦ મીટર દોડ સ્પર્ધામાં બહેનોમાં ગોરલ સોલંકી અને ભાઈઓમાં વસંત પરમારે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તમામ ખેલાડીઓએ શાળા અને ડભોડા ગામનું ગૌરવ વધાર્યું હતું.

કેળવણી મંડળના પ્રમુખ દિલીપભાઈ પટેલ, શાળાના આચાર્ય, હનુમાનજી મંદિર ટ્રસ્ટી ગણ તથા ગ્રામજનોએ તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ભિલોડામાં લોનના નામે વિધવા મહિલા સાથે ૨૫ હજારની છેતરપીંડી

ભિલોડા, તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામના વયોવૃધ્ધ વિધવા હિરાબેન ડાહ્યાભાઈ નાયી, ઉંમર.વર્ષ-૬૦ નાઓને સાથે છેતરપીંડી કરી રૂા.૨૫,૦૦૦/-ની મત્તા દસ જ મીનીટમાં રોકડી કરી અજાણ્યા શખ્શો પલાયન થઈ ગયાની મળતી માહિતી મુજબ વાંકાનેર ગામના હિરાબેન ડાહ્યાભાઈ નાયી જેઓ ખેતી માટે ખાતર લેવા ભિલોડા આવ્યા હતા ત્યારે ભિલોડા મઉં ત્રણ રસ્તા પાસે શાકમાર્કેટના ભરચક ટ્રાફીકમાં શાકભાજી લેવા ઉભા હતા ત્યારે બે-ત્રણ અજાણ્યા શખ્શો આવી કહેવા લાગ્યા કે, બહેન તમારૂ નામ હિરાબેન છે. તેમ કહી કહેવા લાગ્યા કે તમારા નામે સરકારમાંથી રૂા.૫૦,૦૦૦/-ની લોન મંજુર થઈ છે. તરત જ રૂા.૫૦,૦૦૦/-ની વાત સાંભળી હિરાબેન અચંબામાં પડી ગયા હતા.ગઠીયાઓ કહેવા લાગ્યા કે સરકારી ટેક્ષ પહેલાં કાપી લેવામાં આવે છે તેથી તમારે રૂા.૧૦,૦૦૦/-ની સઘવડ કરવી પડશે. તમારી પાસે કેટલા પૈસા છે.તેવું કહી રૂા.૨,૦૦૦/- અને કાનની બુટ્ટી આશરે ૮ ગ્રામ જે કુલ મળી રૂા.૨૫,૦૦૦/-છેતરપીંડી કરી કહે છે કે અમારી ઓફીસ બસસ્ટેન્ડની બાજુમાં છે. આજે અથવા કાલે તમે આવી જજો તમને તરત જ ચેક મળી જશે.આ રીતે વિધવાને છેતરીને ટોળકી પલાયન થઈ ગઈ હતી. ભિલોડા પંથકમાં કેટલાક સમયથી સોનાના દોરા ખેંચી લેવા,ખોટા-ખોટા લેન્ડલાઈન ઉપરથી ફોન આવે તમારે ૨ લાખની લોટરી લાગી છે તમે આવી જાવ વિગેરે જાતજાતની છેતરપીંડીની વાતો સંભળાય છે. જેથી બહેનો માટે ખરેખર આ ચેતવા જેવો કિસ્સો બન્યો છે ત્યારે આવા લેભાગુઓની વાત સાંભળવા જેવી નથી તેમજ ગામડામાં અત્તર-સેન્ટ વિગેરે સારી કંપનીનુંછે. પાંચ દિવસ સુધી કપડા પર સ્મેલ રહે છે વિગેરે વાતો કરી આવા કોઈ પણ પ્રવાહી સુઘાડી તેઓ પોતાનો ઈરાદો પાર પાડે છે. જેથી દરેકે આ બાબતે ચેતવા જેવું જણાય છે.

### જાહેર નિવિદા

ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ (જીઆઈડીએમ), મુ. રાયસણ, જીઆઈડીએમ કેમ્પસ, પંડીત દીનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટી પાછળ, રાયસણ, ગાંધીનગર-૩૮૨૦૦૭ ખાતે ૧૧. કે.વી. બ્રેકર પી.ટી. (ઈસીએસ) બળી ગયેલ હોઈ નવી એક નંગ ૧૧ કે.વી. બ્રેકર પી.ટી. (ઈસીએસ) પુરી પાડવા તથા ઈન્સ્ટોલ કરવા માટે આ કામના અનુભવ ધરાવતી પ્રતિષ્ઠિત એજન્સીઓ સીલબંધ કવરમાં ભાવપત્રક જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં ઉપરોક્ત સરનામે મળી જાય તેમ મોકલવાના રહેશે.

સં. નિયામક (હિસાબ અને વહીવટ)
ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ

માહિતી/૧૯૩૧/૧૫-૧૬







